સાલ : ૧૨ / સિલસિલાવાર નંબર : ૧૨૧ / શુમારો : ૧ કુલ પાના - ૧૬

MISHKAAT UL HAADI

مشكوة الهادي

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. મોહર્રમ-સફર ૧૪૩૬ / નવેમ્બર-ડીસેમ્બર ૨૦૧૪

બચ્ચાંઓની દોઆ – મૌ. સકીના (અ.સ.)

પરવરદિગારે આલમ પોતાના કલામે પાકમાં ફરમાવે છે કે, "**ઉદઊની અસ્તજિબ લકુમ**", યાઅની તમે મારી બારગાહમાં દોઆ કરો, હું તેનો તમને જવાબ આપીશ, કુબૂલ કરીશ. દોઆ ખુલૂસથી ભરેલી હોય, ગહેરાઈથી હોય, ઈલ્મુલ યકીનથી હોય, નેક વસીલો લઈને કરવામાં આવી હોય તો તે પરવાન ચઢે જ છે. જો આ તરહની દોઆ બચ્ચાંઓની ઝબાનથી હોય તો પછી પૂછવું જ શું?

કરબલાએ મુઅલ્લામાં અશરહ મુબારકહની સાતમી તારીખથી અન્સારે ઈમામ હુસૈન (અ.સ.) વાસ્તે લઈન યઝીદના હુકમથી ઝાલિમોંએ પાની બંધ કરી દીધું હતું. યઝીદ પલીદનો સખ્ત હુકમ હતો કે, ખૈમાગાહે હુસૈનીમાં એક બુંદ પણ પાની જાવું જોઈએ નહીં. અહલુલ બૈતના જવાનો અને હરમના સૈયેદાતની હાલત પ્યાસની શિદ્દતથી ખસ્તા થાવા લાગી હતી. મગર સૌથી બદતર હાલત કાફલા સાથે આવેલા નાના-નાના બચ્ચાંઓની હતી, જે મૌ. સકીના (અ.સ.) ને સાથે રહીને ખૈમાના જવાનોને પાની લાવવાની અરઝ કરા કરતા હતા.

પાની કે ન મિલનેસે જિગર હોતા થા પાની.

મૌલાતોના સકીના (અ.સ.) તો બધા જ અત્ફાલ-બચ્ચાંઓની હિમ્મત હતા, આપ મરકઝ બનીને પ્યાસના આલમમાં સબરનો પરચમ લઈને ખૈમા દર ખૈમા ફિરતા હતા. પણ આપના ભાઈ શશમાહા બેશીર અને બેઝબાન, તેને કૌન સમઝાવે, આ શશમાહા મૌ. અલી અસ્ગર (અ.સ.) ની હાલત તો મિસ્લે મુર્દા થઈ ગઈ હતી. બીબી બાનું (અ.સ.) નું શીર સુકાઈ ગયું હતું.

અશરહ મુબારકહના અય્યામે આહોઝારીની કુયૂઝાતે હુસૈનીયહ સાથે મુશ્ફેકીન કારેઈનને ૧૪૩૬હિ. નું સાલે નૌ મુબારક થાય. હુઝૂરેપુરનૂર વાલિદુલ મુકેનીન (ત.ઉ.શ.), આ નવા સાલની ઈબ્તેદા સાથે મુમેનીન વાસ્તે ફલાહો બહેબૂદી અને રિઝકમાં કુશાદગીની દોઆએ ખાસ ફરમાવે છે.

આપ ઝુલામાં લગભગ હાલતે બેહોશીમાં આવી ગયા હતા. આ દરમિયાન આપના કાકાજી સાહેબ મૌ. અબ્બાસ (અ.સ.) જે શાને પરચમે હુસૈની હતા, અહલુલ બૈતના અત્ફાલના સક્કા બનીને કૂવાઓ ખોદીને પાની લાવવાની પુરજોશ કોશિશ કરી રહ્યા હતા પણ હુકમે ઈલાહીના દફ્તરમાં કંઈ બીજું જ મુકદ્દર કીધેલું હતું.

આખિરકાર મૌ. સકીના, મૌ. અબ્બાસની જાનિબ આવા અને ઈલ્તેજા કરીને કહેવા લાગા કે, "અય મારા કાકાજી! પ્યાસની શિદ્દત હમ બચ્ચાંઓના વાસ્તે બરદાશતની બાહર છે. આપ મારા સાથે મૈદાનમાં આવો. હું ભાઈ અલી અસ્ગરને લઈને આવું છું અને ઝાલિમોંથી મિન્નત કરૂં છું કે, થોડું પાની આપે, આ બચ્ચાંની ખાતિર. શાયદ કે, ખુદા તે બેરહેમોંના દિલમાં વાત ઉતારે અને હમારી દોઆથી અલી અસ્ગરની પ્યાસ દૂર થાય." આ ઈલ્તેજા સાંભલીને મૌ. અબ્બાસ રોવા લાગા અને ફરમાવું કે, "અય મારી લાડલી સકીના! શું તમેં મૌ. ફાતેમા ઝહરા (અ.સ.) ની પોતી થઈને આ બદબખ્તોં પાસેથી પાનીની ભીખ માંગશો. શું આ તમને ઝૈબ આપશે ? આના કરતા એક કામ કરો કે, તમેં બચ્ચાંઓ મિલીને ખુદાતઆલાની બારગાહમાં પૂરા ખુલૂસને સાથે દોઆ કરો. બેશક! તમારી આરઝૂ પૂરી થાશે. **કેમકે, ખુદા સમીઉદ્દોઆ અને મુજીબુદ્દાઅવાત છે. દોઆને સાંભલી તેને કુબૂલ કરનાર છે.**" મૌ. સકીના ઝાર-ઝાર રોવા લાગા અને કાકાજીને સાથે રાખીને એક જગા પર તમામ અત્ફાલે ખૈમાગાહે હુસૈનીને

(બકીયાહ પેજ નં. ૨ પર)

જે શખ્સ પોતાની નામુનાસિબ રાયને પકડી રાખે અને બીજાનો ભલો મશ્વરો કુબૂલ ન કરે તે હલાક થાશે.

(પેજ નં. ૧ નું બાકી)

જમાઅ કીધા. મૌ. અબ્બાસ, મૌ. અલી અસ્ગરને લઈને આવા અને બચ્ચાંઓને દરમિયાન સુવાડા. મૌ. સકીના બારગાહે ઈલાહીમાં સજદા બસુજૂદ થઈને ફરમાવવા લાગા કે, અય મારા પરવરદિગાર! હમેં હુસૈની ચમનના નાના-નાના ફૂલો છીએ, હમેં યહાઁ અલ-અતશ, અલ-અતશ પુકારી રહ્યા છીએ. તારા રિઝકનો એક દાનો કે પાનીની એક બુંદ હમારા નઝદીક નથી. હમારા નાનાજી નબી સાહેબ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.), હમારા દાદાજી-દાદીજી મૌ. અલી, માઁ ફાતેમા ઝહરા અને કાકાજી મૌ. હસનનો વાસ્તો લઈને તારી બારગાહમાં ઈલ્તેજા કરી રહ્યા છીએ. અય માઅબૂદ! તું કરીમ છે, રહીમ છે, આ સકીનાની દોઆને કુબૂલ કર.

માઅસૂમ હૂં મેં ઔર મેરી પૈહમ યે દોઆ હૈ.

હમ પ્યાસા નૌનિહાલોંની પ્યાસ બુઝાવવા વાસ્તે તું સાગિરે કૌસર આ ઝમીનમાં નમૂદાર કર યા આબે બારાં વરસાવ કે જેથી હમેં સૈરાબ થઈએ, તારો શુક્ર કરીએ.

અલ્લાહ અલ્લાહ! મુમેનીન, પ્યાસી સકીનાનો વકાર તો જોવ કે એની દોઆ પૂરી થઈ નથી કે, બ કુદરતે ઈલાહી એના હાથમાં પાનીથી લબાલબ જામ નાઝિલ થયું. આ જામ જોઈને એની ખુશીનો કોઈ પાર ન રહ્યો. મૌ. સકીનાએ ખુશ થઈને તમામને નિદા આપી. અય કાકાજી! જલ્દી આવો. ખુદાએ સકીનાની દોઆ સાંભલી લીધી. આ લબાલબ જામ મારા દાદાજી-દાદીજીએ ઝરૂર લબે કૌસર પરથી મારા વાસ્તે ભરા હશે. પછી મૌ. સકીના બે ઘડી સોચવા લાગા કે, મારા આસપાસ મારા ભાઈઓ, મારા કાકા, મારા બાવાજી, જવાનો, બુઝુર્ગો વગૈરા પ્યાસા છે. મારા કરતા તો તેઓને પાનીની ઝિયાદહ હાજિત છે. કેમકે, તેઓને હજી જેહાદ કરવાની છે. પહેલા તેઓને હું આ પાનીથી સૈરાબ કરૂં. મૌ. ફિઝ્ઝાએ મૌ. હુસૈન (અ.સ.) ને આ વાકેઆની ખબર કીધી તો આપ ખૂબ મસ્રૂર થયા અને ખુદાની જાનિબ શુક્રનો સજદો બજા લાવા.

સજદા કિયા શબ્બીરને ભી શુક્રે ખુદા કા.

મૌ. સકીના જામ લઈને બાવાજી મૌલાના હુસૈન પાસે આવા અને ફરમાવું કે, અય બાવાજી! આપ પહેલા આ જામ માંથી પાની પીઓ. ઈમામ આલી મકામે ફરમાવું કે, સકીના, મારી દીકરી! બખ્શિશે ઉમ્મતે રસૂલ વાસ્તે મેં નઝરો મિન્નતના રોઝા રાખેલા છે. આ રોઝા યૌમે આશૂર હંગામે અસર આબે દમે ખંજરથી ખુલશે. અય સકીના! મારી ખ્વાહિશ છે કે, તમેં પણ તમારા લબ પર પાની ન લો, **બખ્શિશે મુમેનીન વાસ્તે પ્યાસની શિદ્દતને બરદાશ્ત કરો.**

પાની ન પીઓ કુછ નહીં પાની મેં મઝા હૈ,
ઉમ્મત કે લીયે તિશ્ના-દહાની મેં મઝા હૈ.


બાવાજીની આ ખ્વાહિશ સાંભલીને મૌ. સકીના કિબ્લારૂખ થયા અને ફરમાવવા લાગા કે, "અય મારા રબ! આ નાચીઝ બચ્ચી પર તારૂં ઘણું અહેસાન છે, તુંએ આ સકીનાની ઈઝ્ઝતના ખાતિર અને એક અશ્કભરી ઈલ્તેજા પર જે તરીકાથી મને જામે કૌસરથી નવાઝી તે તરીકાથી જ શુક્રના કલામ સાથે તારી રહેમતના દરબારમાં આ જામને પાછી રજૂઅ કરૂં છું, આ અમાનતને તારી હઝરતમાં લૌટાવું છું. હું રૌઝે મહેશર મારા માતમદારો, અઝાદારોં, હુસૈનીઓને લબે કૌસર પર આ જ જામથી પાની પિલાવીશ અને સૈરાબ કરીશ."

ઉમ્મત કે લીયે બચ્ચોંને પાની નહીં પિયા,
બાબા ને ઈસકે વાસ્તે સબ કુછ લુટા દિયા. ☆

Travel, you will gain profit; Fast, you will gain health; Fight (in the cause of religion), you will get wealth and Perform Hajj, you will be free of worldly desires.
તમેં સફર કરો, તમને ફાયદો થાશે; રોઝા રાખો, તમને સેહતયાબી થાશે; જંગ કરો (દીનની રાહમાં), તમેં દૌલત કમાશો અને હજ્જે બયતુલ્લાહ કરો, તમેં તમામ હાજતોથી આઝાદ થઈ જાશો.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) મુશ્કિલ ચીઝોંમાં અસ્હાબ માંથી મશ્વરો-સલાહ માંગતા હતા.

લફઝી કશ-મ-કશ



❋ **ઉભી તરકીબ :**

૧) પાની. (૨)

૨) અપના પહેલા ફાતેમી ઈમામ કે જેની શહાદત ઝહેરથી થઈ. (૩)

૩) જંગલી ઘોડા જેમ અપની ઝબાન બગૈર _____ ની ન હોવી જોઈએ.. (૩)

૭) બદીની સઝા હોય છે અને નેકીની _____ હોય છે. (૨)

❋ **આડી તરકીબ :**

૨) ખુદાની રસ્સીને પકડી રાખો, તે જન્નતમાં જાવાનો રસ્તો છે. રસ્સી યાઅની _____ . (૩)

૪) ચુનંદા, મુન્તખબ. (૨)


૫) સુરતુલ બકરહ કુરઆનમાં તમામ સૂરતોં કરતા મોટી છે. બકરહ યાઅની _____ . (૨)

૬) તારા, સિતારા. (૩)

૦ સહીહ જવાબ આપનાર : અબ્બાસઅલી દિલાવરહુસૈન હઝારીવાલા

૦ અલ-હાજજ અબ્બાસભાઇ અલીભાઇ દારૂવાલા તરફથી આ કોલમ વાસ્તે હદીયો ઈનાયત કરવામાં આવે છે.

ગયા શુમારાના લફઝી કશ-મ-કશનો ખુલાસો :-



નોંધ : કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર સફર મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેને એક યાદગાર તોહફાથી નવાઝવામાં આવશે. ✯

નમક

ખત્મુલ મુરસલીન રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, જે શખ્સ પોતાના જમનને અલ્લાહના નામ સાથે નમકથી શુરૂ કરશે અને અલ્લાહના શુક સાથે નમકથી તમામ કરશે તો તે શખ્સને અલ્લાહતઆલા ૭૦ બીમારીઓમાં શિફા અતા કરશે.

દોઆતે હક્ક (રિ.અ.) ફરમાવે છે કે, અહલુલ બૈત (અ.સ.) ની મહબ્બત અને વલાયત મુમિનની ઝિંદગીમાં નમકની માનિંદ છે. જમનના ઝાયેકામાં જેમ નમક કામ કરે છે, લઝઝતમાં ઈઝાફો કરે છે, તેમ વલાયત મુમિનના આઅમાલમાં કમાલ અને બહેતરી પૈદા કરે છે. તે જમન જ શું કામનું જેમાં નમકની થોડી ખરાશ ન હોય અને તે ઝિંદગી જ શું કામની કે જેમાં વલાયતની મિઠાશ ન હોય. **"નમક"** ના અદદ **"૧૧૦"** થાય છે જેમ **"અલી (અ.સ.)"** ના અદદ પણ **"૧૧૦"** થાય છે. લેહાઝા, **નમક બગૈર જમનનો વકાર નથી તેમ "અલી" બગૈર મુમિનની ઝિંદગીનો કોઈ વુજૂદ નથી.**

ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) થી રિવાયત છે કે, એક વક્ત વીંછુંએ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને ડંખ મારી દીધો અને આપને ઈઝા પહોંચાવવાની કોશિશ કીધી. આપે તેને ઝોરથી પકડું અને દૂર ફેંકી દીધું. આપે તે મૂઝી વીંછું તરફ ઈશારો કરીને ફરમાવું કે, **"તારાથી મુમિન કે કાફિર કોઈ ન બચી શકું. તારા ઝહેરમાં જહન્નમની આગનો ઝર્રો છે,"** પછી આપે ખાદિમ સાથે નમક મંગાવું અને જે જગા પર ડંખ લાગો હતો ત્યાં આપે નમકના દાણા મુકીને અંગૂઠાથી ખૂબ મસલું, યહાઁ તક કે નમક ઓગલી ગયું. તે બાદ આપે ફરમાવું કે, "જો લોગો જાણી લે કે નમકમાં શું ફાયદાઓ છે તો તેના સિવાય બીજી કોઈ જડીબુટ્ટી તરફ તેઓ મોહતાજ નહીં થાય.". ✯

મુમિન એ વાતનું ધ્યાન રાખે કે જહાઁ તક મશ્વરો પૂછવામાં ન આપે વહાઁ તક પોતાની ઝબાનને ન ખોલે.

બીમારી અને મગફેરત

અહલુલ બૈત (અ.સ.) થી રિવાયત છે કે, "જે વક્ત પરવરદિગાર, સત્તાર ગફ્ફાર પોતાના બંદા પર મહેરબાની કરે છે તે વક્ત આ ત્રણ ચીઝો માંથી એક ચીઝનો હદીયો તેને મોકલે છે, તે છે તાવ, માથાનો દુ:ખાવો અને આઁખમાં દર્દ-બેચૈની. નબી સાહેબ ફરમાવે છે કે, એક રાતના માથાના દર્દથી તમામ સગીરા ગુનાહ મુઆફ થઈ જાય છે અને એક રાતના તાવથી સિત્તેર સાલની ઈબાદતનો સવાબ હાસિલ થાય છે. હજુ નબી સાહેબનો કૌલ છે કે, બીમારીની હાલતમાં ડાબા હાથ તરફનો ફરિશ્તો અતીદ ગુનાહ લખવાનું કામ બંધ કરી દે છે અને જમના હાથ તરફનો ફરિશ્તો રકીબ બીમારની તંદુરસ્તીની હાલતમાં જે જે નૈકીઓ લખતો હતો તે તમામ નૈકીઓ તેની બીમારીની હાલતમાં લખે છે. પણ સાથે સાથે બીમાર પર લાઝિમ છે કે, તે સબર કરે તેમજ ખુદાની રઝા અને ખુશ્નૂદી પર રાઝી રહે. કોઈ પણ હાલતમાં તે શિકાયત ન કરે."

શિકાયત એવી કરે કે, ખુદાએ મને એવા દુ:ખમાં નાખો છે અને એવી બલામાં મને મુબ્તેલા કીધો છે કે, આવા દુ:ખ કે બલામાં તેએ કોઈને મુબ્તેલા નહીં કીધો હોય. પણ પોતાની બીમારીનો કોઈને હાલ કહેવો અને તેને કઈ કઈ તકલીફ થાય છે, તે ફક્ત બીજા લોગોની જાણકારી વાસ્તે કહેવી તે શિકાયત ન કહેવાય. બીમારીમાં અકલાવવું, આહ-આહ કરવું તે સવાબને હલકો કરી દે છે અને બીમારને ખુદાની તસ્બીહ કરવા જેટલો જ સવાબ મિલે છે.

નબી સાહેબ ફરમાવે છે કે, બીમારની ખિદમત કરવામાં ઘણો જ સવાબ રહેલો છે. **કોઈ શખ્સ કોઈ બીમારની હાજિતને પૂરી કરવાની કોશિશ કરે તો ખુદાતઆલા તેને તેના ગુનાહોંથી એવી તરહ પાક કરે છે કે, જાણે માઁના પેટ માંથી તેની પાક વિલાદત થઈ હોય.** બીમાર અને બીમારની મુલાકાત લેનાર પર કેટલીક બાબતોની પાબંદી કરવી ઝરૂરી અને લાઝિમ છે. ૧) બીમારી વાસ્તે સબર અને શુક્ર કરે. ૨) બીમારીની ત્રણ દિન તક બીજા લોગો દરમિયાન ઝાહેરાત ન કરે, યાઅની ઘરના લોગોમાં મખ્ફી રાખે. ૩) દવા-ઈલાજ કરવામાં જલ્દબાઝી ન કરે. જો એવી ઝરૂરત પૈશ આવે તો ઘરના લોગોનો મશ્વરો લે. ૪) ઝબાન પર પોતાની બીમારીની શિકાયતના કલામ ન લાવે. ૫) એવી કોઈ ચીઝ ન કરવાનું કહે કે તેની તીમારદારી કરનાર શખ્સને કોઈ નુકસાન થાય કે તકલીફ પડે. ૬) બીમારીની હાલતમાં શરીઅતને ખિલાફ કોઈને વસીયત ન કરે. ૭) ઈયાદત કરનાર શખ્સ મિઝાજ પૂછવાને વાસ્તે આવે તો એને બીમારની મુલાકાત કરવાની ઈજાઝત આપે. ૮) મિઝાજ-પુરસી કરનાર શખ્સ પર લાઝિમ છે કે, બીમારને નઝદીક ઝિયાદહ વક્ત તક ન બેસે, મગર બીમાર ચાહતા હોય કે તેના સાથે તે વક્ત ગુઝારે તો તેના બેસવામાં કોઈ હરજ નથી. ૯) મિઝાજ-પુરસી કરનાર શખ્સ બીમારની શિફા વાસ્તે તેના નઝદીક ઝરૂરથી દોઆ કરે. ૧૦) મિઝાજ-પુરસી કરનાર શખ્સ મુલાકાત વાસ્તે ખાલી હાથે ન જાય બલ્કે ઈસ્તેતાઅત મુજબ ફલ, ફૂટ કે હદીયાની કોઈ પણ ચીઝ સાથે લઈને જાય. ૧૧) બીમારને નઝદીક કોઈ ચીઝ ખાય-પીએ નહીં. જો કોઈ જમવા-પીવાની ચીઝ લાવવાનો ઈસરાર કરે તો તેને ઈન્કાર કરી દે. ૧૨) બીમાર શખ્સ પોતાની તકલીફ દૂર કરવા વાસ્તે યા શિફા હાસિલ કરવા વાસ્તે ૭૦ વક્ત યા ૪૦ વક્ત સુરતુલ ફાતેહા પઢીને, પાની પર તેનું દમ મારીને તે પાની પી શકે છે. નબી સાહેબે ફરમાવું છે કે, **ખુદાતઆલાએ મૌત સિવાય સુરતુલ ફાતેહામાં તમામ બીમારીઓ વાસ્તે શિફા મુકેલી છે.**

કિતાબોમાં બયાન આવેલું છે કે, જે કોઈ શખ્સ બીમારની ઈયાદત-પુરસી વાસ્તે જાય તો ખુદાતઆલા તેના હર કદમ, જે તે બીમારને જોવા વાસ્તે આગલ વધારે, તેના બદલામાં તેના ઈન્તેકાલ બાદ તેની કબર પર ૭૦ હઝાર ફરિશ્તાઓને મોકલે છે, જેઓ કેયામતના દિન તક તેના વાસ્તે બારગાહે ખુદાવંદીમાં ઈસ્તિગફાર કરતા રહે છે. નબી સાહેબ ફરમાવે છે કે, "જે કોઈ શખ્સ સૂરએ યાસીનથી બીમાર વાસ્તે શિફા હાસિલ કરે તો ખુદા એ શખ્સના સગીરા ગુનાહ મુઆફ ફરમાવી દે છે." મૌલાના ઈમામ જાઅફરૂસ્સાદિક ફરમાવે છે કે, "હર ચીઝનું દિલ હોય છે અને કલામે પાકનું દિલ સૂરએ યાસીન છે. જે કોઈ શખ્સ ફજરમાં ઉઠીને જમતા પહેલા આ સૂરત પઢશે તો પૂરા દિનમાં ખુદા તેનાથી બીમારીને દૂર કરી દેશે અને જો રોઝી તેના વાસ્તે તંગ હશે તો આ સૂરતના અસરથી તેની રોઝી કુશાદા કરી દેશે.

(બકીયાહ પેજ નં. ૧૫ પર)

જે શખ્સ પોતાના અને પોતાના ખુદાના દરમિયાનના ઊમૂરને બહેતર કરે, તો ખુદાતઆલા તે શખ્સ અને લોગોના દરમિયાનના ઊમૂરને ઠીક કરશે.

મૌલાતોના સકીના (અ.સ.)

ઝૈનબ યે બયાઁ કરતી થી સો જાઓ સકીના,
સો જાઓ સકીના, સો જાઓ સકીના.
અય બીબી ન અબ ઢુંઢો તુમ બાબા કા સીના,
સો જાઓ સકીના, સો જાઓ સકીના.

આ જાયેંગે બાબા તો જગા દુંગી મૈં તુમ કો,
અમ્મુને પુકારા તો ઉઠા લુંગી મૈં તુમ કો,
ઝાલિમ કોઈ આયા તો બચા લુંગી મૈં તુમ કો,
ઉઠ્ઠો મેરી ગોદી મેં ચલી આઓ સકીના.
ઝૈનબ યે બયાઁ કરતી થી સો જાઓ સકીના.

દેખી નહીં જાતી યે તેરી તિશ્ના દહાની,
મજબૂર હે ઝૈનબ જો પિલાતી નહીં પાની,
આઓ તો કહું સાકીએ કૌસર કી કહાની,
રો રો કે ન ચૂં બહેનોં કો તડપાઓ સકીના.
ઝૈનબ યે બયાઁ કરતી થી સો જાઓ સકીના.

ક્યૂં બાપ કે સીને કે લીયે હોતી હો મુઝતર,
સોએગા પહાઁ આજ સે નન્હા અલી અસ્ગર,
ઉસકા ભી તો કુછ હક્ક હે શહે કરબોબલા પર,
તુમ ગોદ મેં અમ્મા કી ચલી આઓ સકીના.
ઝૈનબ યે બયાઁ કરતી થી સો જાઓ સકીના.

ડર લગતા હે તો રન કી તરફ દેખો ન બીબી,
જંગલ મેં અંધેરા હે અભી ઉઠ્ઠો ન બીબી,
કાનોં સે લહૂ બહેતા હે સર પટકો ન બીબી,
ફિર દાગ કોઈ મુઝકો ન દિખલાઓ સકીના,
ઝૈનબ યે બયાઁ કરતી થી સો જાઓ સકીના.

ફિરતા હે નિગાહોં મેં પયામ અબ ભી પો મંઝર,
જબ રાત કે સન્નાટે મેં એક બેકસો મુઝતર,
કહેતી થી કે આયે નહીં ક્યૂં સૈયેદે બેપર,
કહેતી થી ફૂફી દિલ કો ન તડપાઓ સકીના.
ઝૈનબ યે બયાઁ કરતી થી સો જાઓ સકીના. ☆

(પેજ નં. ૬ નું બાકી)

મૌ.અલીએ ફરમાવું કે, મારા દીકરા! ખાસ્સાને ખુદા અને બંદગાને હક્ક વાસ્તે ખુશી અને ગમ જુડવા ચીઝો છે, બેવે એકબીજાથી અલગ નથી. આજે હમણા આ બચ્ચા તમને મસ્રૂર કરી રહ્યા છે, મગર એક દિન એવો પણ આવશે કે તમેં એમ પુકારી ઉઠશો કે, "હવે મારી કમર તૂટી ગઈ"

અનોખો નુસ્ખો

એક ગામમાં એક ડોક્ટર સાહેબ હતાં નૈક ને હતાં બહુ ભલા, ઈમાનદાર પણ હતા ખરા દિલથી દર્દીઓની કરતાં સેવા. એક વક્તે ગામડીયાએ આવીને કહ્યું, સાહેબ આયો મને દવા, એકદમ સખ્ત તાવ છે માથું પણ દુઃખે છે મને નથી રહેતી મઝા. ડોક્ટરે કહ્યું, તમારી બીમારી વાસ્તે લખી આપું છું નુસ્ખા, સુતા પહેલા પાની સાથે લેશો તો સાફ થશે ઈન્શાઅલ્લાહ. બીજે દિન દર્દીએ પાછી કરી ફરિયાદ, મને હજુ નથી મઝા, બહુ જ તકલીફથી પીધાં છે તમારા આપેલા કાગઝના ટુકડા. ડોક્ટર સાહેબની આઁખો ફિરી અને બોલા તૌબા તૌબા, માથું હલાવીને કહેવા લાગા, અ તમારી ગૈરસમઝીની છે સઝા. નુસ્ખાનો સાહી વપરાશ કીધો હોત તો તમને ન આવેત આ બલા, ભલી સલાહ અને સમઝ સાથે ડોક્ટરે દર્દીને આપી રઝા. દવાખાનામાં ડોક્ટરના દોસ્તો આ જોઈ હઁસીને કહેવા લાગા, ટીકા સાથે બોલા, જોવ આ જંગલી-જાહિલની કેવી છે ઘેલછા. ડોક્ટરે કહ્યું, રૂકો! ન છે આ કોઈ મઝાક ન છે કોઈ ધારણા, અલ્લાહે રસૂલ સાથે મોકલાવેલા છે આ અનેરા નુસ્ખા. કુરઆનમાં લખેલું છે તેનો અમલ કરવાની કોની છે તમન્ના, પણ દવા પીઉ છું, પિવડાવું છું આ પાક કિતાબના પાના. પીવા ના સાથે કોઈ જો કરે અમલ તો જોઈ લો તેની મઝા, અન્વર કુરઆનના કાયદાનો અમલ થયો તો ખુશ છે મુસ્તફા. જો ખુશ થયા ખુદાના રસૂલ તો સમઝો ખુશ થયા ખુદ ખુદા, અલ્લાહતઆલા ખુશ તો પછી ક્યાં થી આવે બીમારી અને બલા. ☆

અને ખૂબ આહો બુકા કરશો. "અય મારા દીકરા હુસૈન ! જિબ્રઈલ અમીન તમારી શહાદતનું મહેઝરનામું લાવા હતા, તેમાં એમ લખેલું હતું કે, અલ-હુસૈનો સૈયેદુશશોહદા વલ અબ્બાસો હામિલુલ લેવા, યાઅની, હુસૈન તમેં શહીદોંના સરદાર છો અને અબ્બાસ અલમબરદાર છે", આમ કહીને મૌ. અલી આહો ઝારી કરવા લાગા યહાઁ તક કે, આપની દાઢી તર થઈ ગઈ. મૌ. અબ્બાસની વિલાદતને સાતમે દિન અકીકાની રસમ અદા થઈ અને મૌ. અલીએ આપનું નામ "અબ્બાસ" રાખું. મૌ. અલીનું નામ "હયદર" યાઅની શૈર અને "અબ્બાસ" ની માઅના પણ શૈર યાઅની શૈરના ફરઝંદ શૈર જ હોય છે.

ગાઝી બડા હે સબ સે ઝિયાદહ દિલેર હે,
અબ્બાસ જિસકા નામ હે શૈરોં કા શૈર હે. ☆

કોઈ શખ્સને પરખવો હોય તો તમેં તે તરફ નઝર કરજો કે તેના સાહેબે દાઅવત સાથે ઝાહિરી-બાતિની રિશ્તા કેવા છે.

મૌલાના અબ્બાસ અલમદાર (અ.સ.)

બાવાજી સાહેબ : મૌ. અલી ઈબ્ને અબી તાલિબ અમીરૂલ મુમેનીન (અ.સ.)
માઁ સાહેબા : મૌ. ફાતેમા કલાબીયહ ઉમ્મુલ બનીન (અ.સ.)
દાદા સાહેબ : મૌ. અબુ તાલિબ બિન અબ્દુલ મુત્તલિબ (અ.સ.)
દાદી સાહેબા : મૌ. ફાતેમા બિન્તે અસદ (અ.સ.)
નાના સાહેબ : હઝમ બિન ખાલિદ
નાની સાહેબા : લૈલા બિન્તે શહીદ
ઝોજહ : લોબાબહ
ભાઈઓ : અબ્દુલ્લાહ, જાઅફર અને ઉસ્માન
દીકરાઓ : ફઝલ, કાસિમ અને ઊબૈદુલ્લાહ
તારીખે વિલાદત : ૩ શાઅબાનુલ કરીમ ૨૬ હિ. મંગલવાર
મકામે વિલાદત : અલ-મદીનતુલ મુનવ્વરહ
કુનીયત : અબુલ ફઝલ
લકબ : સક્કા અને અફઝલુલ શોહદા (કમરે બની હાશિમ)
તારીખે શહાદત : ૧૦ મોહર્રમુલ હરામ ૬૧ હિ. જુમ્આ
વક્તે શહાદત : ઝોહર બાદ
સબબે શહાદત : હયાતે ઈસ્લામ, રઝાએ ઈમામે હક્ક, અહલુલ બૈતે હુસૈનના બચ્ચાઓ વાસ્તે તલબે આબ

મૌલાતોના ફાતેમા બિન્તે અસદ (અ.સ.) ની દોઆઓ તમન્નાના સબબ મૌલાના અલી (અ.સ.) પૈદા થયા, મૌલાના અલી (અ.સ.) ની દોઆઓ તમન્નાના સબબ મૌલાના અબ્બાસ (અ.સ.) પૈદા થયા. મૌ. અલીના ભાઈ મૌ. અકીલની રાઈથી આપે ફાતેમા કલાબીયહ ઉમ્મુલ બનીનથી અકદખ્વાની કીધી કે, જેમના બતને અત્હરથી મૌ. અબ્બાસ પૈદા થયા. ચાઁદની મિસલ ખૂબરૂ બાકમાલ સૂરત સાથે જે વક્ત મૌ. અબ્બાસની પૈદાઈશ થઈ, તો આ પુરમસર્રત ખબર મિલતા જ મૌ. અલીએ ખુદાની હઝરતમાં શુકનો સજદો અદા કીધો. હવે જે ઝમાનમાં મૌ. અલી પૈદા થયા હતા તો આપે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની આગૌશે મુબારકમાં આઁખ ખોલી હતી અને પહેલામાં પહેલા આપના માઁ સાહેબાનો નહીં પણ નબી સાહેબના ચહેરા મુબારકનો દીદાર કીધો હતો. મૌ. અબ્બાસની વિલાદતની ખબર મૌ. હુસૈનને મિલી કે, ફૌરન આપ પધારા અને આપના નાના ભાઈના કાનમાં આપે ખુદ અઝાન-ઈકામત કહી. તમામથી પહેલા મૌ. અબ્બાસે મૌ. હુસૈનના ચહેરએ પુરનૂરનો દીદાર કીધો.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ મૌલાના અલી (અ.સ.) ને આપની ઝબાન મુબારક ચુસાવી હતી, બરકાતથી નવાઝા હતા, તાકે આપ મૌ. અલીથી જાઁનિસારી અને વફાદારીનો ઈકરાર લે. આ જ મિસલ મૌ. ઈમામ હુસૈન (અ.સ.) એ મૌલાના અબ્બાસ (અ.સ.) ના દહેનમાં આપની ઝબાને મુબારકને મુકી અને મૌ. અબ્બાસે તેનાથી ફૈઝો બરકત હાસિલ કરીને પોતાના ભાઈને કુરબાની અને વફાદારીનો ઈકરાર આપો. મૌ. હુસૈન પોતાના દુપટ્ટામાં મૌ. અબ્બાસને લપેટીને મૌ. અલીને નઝદીક લાવા અને કહ્યું કે, **" અય બાવાજી! આ મારા ભાઈ મને ખૂબ પ્યારા છે, મેં એની પરવરિશ કરીશ. "** મૌ. અલી ઘણા ખુશ થયા. મૌ. હુસૈને કહ્યું કે, અય બાવાજી! જે વક્ત મેં આ મારા ભાઈના હસતા ચહેરાને જોઉં છું તો મારી આઁખોં અને મારૂં દિલ ભરાઈ આવે છે.

(બકીયાહ પેજ નં. ૫૫૨)

" બાકી હે "

અલી કા ઝિક્ર, મોહંમદ કા નામ બાકી હે,
હુસૈન તુમ સે ખુદા કા કલામ બાકી હે.
ન હોતા કલમએ હક્ક લા એલાહા ઈલ્લલ્લાહ,
તુમ્હી સે દીને રસૂલે અનામ બાકી હે.
મિટાને વાલે ઈમામત કે મિટ ગયે લેકિન,
ખુદા કે ફઝલ સે અબ ભી ઈમામ બાકી હે.
યઝીદ તુંને મિટાને કી લાખ કોશિશ કી,
જહાઁ મેં ઝિક્રે શહે તિશ્નાકામ બાકી હે.
રહી ન દૌરે યઝીદી ન તખ્તો તાજે યઝીદ,
મગર હુકૂમતે શાહે અનામ બાકી હે. ✯

મોહસિને આઅઝમ, કિબ્લએ આલમ " મેરે હુસૈન! "

દિલકી ઝીનત દર્દે હુસૈની, લબકી ઝીનત મેરે હુસૈન,
આઁખ કી ઝીનત ખાલિસ આંસૂ, સર કી ઝીનત મેરે હુસૈન.
જિસ્મ મેં પિન્હા કલ્બે હુસૈની, કબ્ર કી રાહત મેરે હુસૈન,
ઉકદા મેરા હલ હોતા હે, દિલ કી ફરહત મેરે હુસૈન.
ક્યૂં ઘભરાયેં તકલીફોં સે, રાહતો ઉન્સત મેરે હુસૈન,
આહો બુકા હે રાહે જન્નત, રૂહ કી લઝ્ઝત મેરે હુસૈન.
બઝ્મે અઝા કી મજલિસ જિસ જા, વો ઘર જન્નત મેરે હુસૈન,
માંગનેવાલા પાયા સબ કુછ, રબ કી રહેમત મેરે હુસૈન.
પંજતન મેં શામિલ દેખો, અર્શ કી ઝીનત મેરે હુસૈન,
બેકસ બેબસ ઈન્સાં ચાહે, આપ કી ઉલ્ફત મેરે હુસૈન.
કબ્ર મેં દેખૂં જબ્વા તેરા, કરના શફાઅત મેરે હુસૈન,
નારે સકર કો પાસ મેં બુકા દે, અશ્ક કી કીમત મેરે હુસૈન.
જલ બિન જૈસે મછલી તડપે, તેરી મહબ્બત મેરે હુસૈન,
મરકર જીના સીખલાયા હે, કૈસી શહાદત મેરે હુસૈન.
કામ આયેગી રોઝે કેયામત, તેરી ઈતાઅત મેરે હુસૈન,
હમ્દો સના કા નઝરાના હે, તેરી અકીદત મેરે હુસૈન.
મૌલા અલી-સૈયેદના અલી સે, દિલ મેં રાહત મેરે હુસૈન,
કામ આએગી વક્તે મુશ્કિલ, તેરી ઝિયારત મેરે હુસૈન.
રૌશની મિલ્લત મેં હે ઝિયા સે, તુમસે મહબ્બત મેરે હુસૈન,
દામને તૈયેબ થામ કે રખના, સબકી ઝરૂરત મેરે હુસૈન.
બોલતા કુરઆઁ કહેલાતા હે, તેરી તિલાવત મેરે હુસૈન,
અસ્વી તેરે દિલ મેં ક્યા હે, સાઅત સાઅત મેરે હુસૈન. ✯

તિજારત

યા અલી મદદ

" વ્હોરા આલમમાં " ટોપી " નું રાજ, જાણે શોભે મસ્તકે તાજ "

ભાઈસાહેબ ઈબ્રાહીમ

સરનામું : વાડી બદરી મોહલ્લા નાકા, વડોદરા-૧૭.

આવી રહેલા છબાદતના મહિનાઓની તૈયારી રૂપે અમારે ત્યાં મનપસંદ ડીઝાઇનોમાં દરેક પ્રકારની ટોપીઓ મળશે.

સમય : સાંજે ૫ થી ૮ / મો.: ૯૪૨૭૮૪૧૧૨૩

Learn & Earn
Tally
Authorised Training Center & Sales Partner
MS Office
Internet
Tally ERP 9
DTP
Live
Web Designing + Hosting
PGDCA Certificate Course (1 Year)
C,C++
School Syllabus,
Spoken English
GOVT. CERTIFICATION
LOKHANDWALA'S COMPUTER EDUCATION
Gendigate Main Rd., Vadodara, Ph.: 2410862
(M) 98980 86320

Mohsin S. Surti
M.: 9825552151
Ph.: 0265-2521569

M.M. GLASS

All Kind of Glass Merchants
Specialist in :
Alluminum Doors-Windows
Partition Works.

G-1, Shalimar Flats,
Nr. Telephone Exchange,
Water Tank, Ajwa Road,
Vadodara.

મશ્વરો આપનાર પર વાજિબ છે કે તે વાતને પોતાના દિલમાં કૈદ રાખે.

પૈગામે શહે કરબોબલા હે સજ્જાદ,
બીમાર દિમાગોં કી દવા હે સજ્જાદ,
સજદોં કે ગલોં પર જો લિખા હે શબ્બીર,
સજદોં કે જિબીનોં પે લિખા હે સજ્જાદ.

ગમે હુસૈન મેં એક અશ્ક જો બહા દેગા,
યે સોચ લો દિલે ઝહરા ઉસે દોઆ દેગા,
ચઢા ચુકેગા જબ અપને ચમન કા એક-એક ફૂલ,
વો બારગાહે ઈલાહી મેં સર ચઢા દેગા. ✯

મૌ. ઈમામ હુસૈન (અ.સ.) એ અહલે ઈમાનને વાઅદા-વફાઈ અને ઈબાદતનો ભારીમાં ભારી સબક આપો છે.

દરસે લેસાને દાઅવત

جه وقت إبراهيم خليل الله نے آگ ما ناكهواما أوا ته وقت آپ يه صبر كيدو. جو آپ چاهتا تو شهر چهوڑي نے نامي سكتا هتا. پن آپ نے آپنا نفس ني فكر هتي. نفس نے الله ني خوشنودي واسطے بلندي بخشواني هتي. جسم ني سلامتي واسطے نفس ني پاكيزگي ني راه بند تهئي جاتے. قرآن كريم ما چهے كه إبراهيم خليل الله يه فرماؤ كه، جه خدا يه مے پيدا كيدو چهے ته مے هداية آپے چهے، ته مے جمن جمارے چهے انے پاني مي سيراب كرے چهے، هوں جه وقت بيمار تهاؤں چهوں تو مے شفاء بخشے چهے. ته وه چهے كه جه مے موت آپے چهے ته پچهي مے زنده كرے چهے. أ ج موجب يوسف نبي يه فرماؤ كه، اے رب، تو يه مے ملك بخشو انے گفتگو ني تأويل ني تعليم پن آپي. أ بهوے نبيو يه جه پے لفظ هداية انے ملك نو إستعمال كيدو چهے ته نفس واسطے چهے. دنيا نو ملك تو جسم ساتهے فنا تهئي جاسے. نبيو يه جسماني تكليف اوچكي نے پوتاني نفس نے صالحين لوگو نا زمرة ما شامل كروانو چاهيو.

نبيو نے علم هتو كه جسمو جه ما مي بنيلا چهے تهما ملي جاسے، ماٹي هتا نے ماٹي بني جاسے. پوتانا نفسو-جانو نے تيار كرينے جسم مي الگ كروانا هتا، جه نفس شريف، روحاني، آسماني، نوراني چهے انے جسم كئي طرح نو كه جه گوشت، خون، هاڑكا، نسو-چامڑا چهے انے جه ني طبيعة هر موسم ساتهے بدلاني چهے.

જિસ્મ અને નફ્સ

જે વક્ત ઈબ્રાહીમ નબીયુલ્લાહ (અ.સ.) ને આગમાં નાખવામાં આવા તે વક્ત આપે સબર કીધો. જો આપ ચાહતા તો શહેર છોડીને નાસી શક્તા હતા. પણ આપને આપના નફ્સની ફિકર હતી, નફ્સને અલ્લાહની ખુશ્નૂદી વાસ્તે બલંદી બખ્શવાની હતી. જિસ્મની સલામતી વાસ્તે નફ્સની પાકીઝગીની રાહ બંધ થઈ જાતે. કુરઆને કરીમમાં છે કે, ઈબ્રાહીમ નબીયુલ્લાહે ફરમાવું કે, જે ખુદાએ મને પૈદા કીધો છે, તે મને હિદાયત આપે છે, તે મને જમન જમાડે છે અને પાનીથી સૈરાબ કરે છે, હું જે વક્ત બીમાર થાઉં છું તો મને શિફા બખ્શે છે. તે એ છે કે, જે મને મૌત આપે છે અને તે પછી મને ઝિંદા કરે છે. આ જ મુજબ યૂસુફ નબીએ ફરમાવું કે, અય રબ! તુંએ મને મુલ્ક બખ્શું અને ગુફ્તગૂની તાવીલની તાઅલીમ પણ આપી. આ બેવે નબીઓએ જે બે લફ્ઝ **હિદાયત** અને **મુલ્કનો** ઈસ્તેમાલ કીધો છે, તે નફ્સ વાસ્તે છે. દુનિયાનું મુલ્ક તો જિસ્મ સાથે ફના થઈ જાશે. નબીઓએ જિસમાની તકલીફ ઉચકીને પોતાની નફ્સને સાલેહીન લોગોના ઝુમ્રામાં શામિલ કરવાનું ચાહ્યું.

નબીઓને ઈલ્મ હતું કે, જિસ્મો જેમાંથી બનેલા છે તેમાં મિલી જાશે. માટી હતા અને માટી બની જાશે. પોતાના નફ્સો-જાનોને તૈયાર કરીને જિસ્મથી અલગ કરવાના હતા, જે નફ્સ શરીફ, રૂહાની, આસ્માની, નૂરાની છે અને જિસ્મ કઈ તરહનું કે, જે ગોશ્ત, હાડકા, ખૂન, નસો-ચામડા છે અને તેની તબીઅત હર મૌસમ સાથે બદલાઈ છે.

(બકીયાહ પેજ નં. ૧૦૫૨)

ઈમામ આલી મકામની કરબલાએ મોઅલ્લામાં નમાઝ, જાણે દુનિયાના મકરો ફરેબના જંગલમાં ખુદા પર તવક્કુલના આસરા જેવી હતી.

ઈબરતનાક અહાદીસે બની ઈસ્રાઈલ – કિસ્સો : ૧૫

તમેં જોવ કે ઝોહદ, ઈખ્લાસ અને યકીન રાખનારની શું અઝમત હોય છે.

ખુદાતઆલાએ મૌ. દાઉદ નબીના ફરઝંદ મૌ. સુલૈમાન નબીને આઅલામાં આઅલા મોઅજિઝાઓથી નવાઝેલા હતા. આપ ઝમીન અને આસ્માનના બાદશાહે મશહૂર હતા. આપના કાબૂમાં હવા હતી અને ખુદાએ આપને એક ચટાઈ આપી હતી જેના પર બેસીને આપ આપની સલ્તનતની સૈર-ગશ્ત કરતા હતા અને લોગોના હાલાતથી ખબરદાર થાતા હતા. આપ એક દિન આપના તખ્ત પર બેસીને હવામાં ઉડી રહ્યા હતા. એક ગામડાના નઝદીક આપે એક ઝઈફ ઉંમર-રસીદા શખ્સને જોયો, જે પોતાના બે બૈલને સાથે ખેતરમાં કામ કરી રહ્યો હતો. સુલૈમાન નબીએ હુકમ કીધો કે, અય હવા! તું મને તે બૈલ ચલાવનાર શખ્સને નઝદીક લઈ જા. હુકમ મુજબ નબી સાહેબ તે ઝઈફ શખ્સને નઝદીક પહોંચા અને બલંદ આવાઝથી તેના પર સલામ બોલા. આ મુલાકાત થઈ તે વક્ત સવાર હતી. સલામના જવાબના ઈન્તેઝારમાં નબી સાહેબ ઘણા વક્ત તક ત્યાં રૂકી રહ્યા. જે વક્ત અસરનો વક્ત થયો તો તે શખ્સે સલામનો જવાબ આપો. નબી સાહેબે પૂછું કે, **એય શૈખ! મેં તમને સલામ કહેલો ફજરમાં અને તમેં મને તેનો જવાબ અસરના વક્ત પર કેમ આપો?** ઝઈફે કહ્યું કે, હાઁ, આપે જે વક્ત મારા પર સલામ બોલો તે વક્ત મેં કોઈનો મઝદૂર હતો. મારો માલિક મને રોઝ સવારથી અસર તક કામ કરવાની મઝદૂરીમાં બે રોટલી આપે છે. હવે, જો અસરના વક્ત પહેલા મેં મારી બૈલને રોકીને આપના સલામનો જવાબ આપતો, તો મારી મઝદૂરીમાં ખલલ પડી જાતો અને મેં નાહક્ક મારા માલિક પાસેથી બરાબર વફાદારી બગૈર બે રોટલીનો હક્કદાર ન બની શક્તો. બે રોટલી જમવામાં મારા દિલનું સુકૂન ઉઠી જાતું. **હરામ છે એવી મઝદૂરી જેમાં માલિકની વફાદારી ન થઈ શકે.**

સુલૈમાન નબીને તે ઝઈફ શખ્સની આ તરહની બયાની પર ખૂબ રહેમ આવો અને કહ્યું કે, એય શૈખ! તમેં મને તમારી હાજિત બતાવો કે, મેં તમારી ઉમ્મીદ મુજબ હર ચીઝને પૂરી કરવા પર કુદરત રાખું છું. ઝઈફ બોલા કે, શું તમેં મારી ઉમ્મીદ પૂરી કરી શકશો? નબી સાહેબે પૂરા એતેમાદથી કહ્યું કે, કેમ નહીં, ખુદાએ મને નુબૂવતનો તાજ પહેરાવેલો છે. ઝઈફે કહ્યું કે, મારી હાજિત એ છે કે, તમેં મને જવાન બનાવી દો! નબી સાહેબ બોલા કે, ના! આ કામ તો મારૂં નથી. હું તુંને જવાન ન બનાવી શકું. ઝઈફે દોબારહ અરઝ કીધી કે, જો તમેં નબી છો તો જે ઉંમર ખુદાએ મારા વાસ્તે લખેલી છે, તેમાં એક ઘડીનો વધારો કરી આપો. નબી સાહેબે જવાબમાં કહ્યું કે, હું ખૂબ શરમિંદા છું કે, તારી આ હાજિત પણ હું પૂરી નહીં કરી શકું. ઉંમરમાં વધારો કે ઘટાડો તો ખુદાના હાથમાં જ હોય છે. તેમાં બંદાની કોઈ મરઝી કે દખલગીરી ચાલતી નથી. ઝઈફે તીસરી ઉમ્મીદ ઝાહિર કીધી કે, ખુદાએ મારી કિસ્મતમાં જે રોઝી લખેલી છે, તે રોઝીમાં ફક્ત એક લુકમા-કોલીયાનો ઈઝાફો કરી આપો. સુલૈમાન નબીએ કહ્યું કે, એય શૈખ! તમેં તો એવી ચીઝો કરવાનું કહો છો, જે હું તો શું પણ આ જહાનની કોઈ પણ મખ્લૂક નહીં કરી શકે!

ઝઈફ બોલા કે, પછી તો અય નબી! તમેં અને હું બરાબર-બરાબર છીએ. ના, ના, એય શૈખ! મેં નબી છું અને મેં તમારી મદદ કરવાની ઉમ્મીદ રાખું છું. **હું ખુદાના હુકમથી તમારા નઝદીક આવો છું.** મારા દિલમાં જે વાત છે તે એ છે કે, તમેં મને માલ-દૌલતનો સવાલ કરો, જેથી હું તમને ગની-માલદાર બનાવી દઉં. જો તમેં ગની થઈ જાવ તો તમને આ તરહની મહેનત ન કરવી પડે અને મેં તમને રાહતમાં જોઈને ખુશ થાઉં. સુલૈમાન નબીની આ વાત સાંભલીને તે ઝઈફ શૈખ ઉઠા અને એક ચાદરને ગોદમાં બિછાવી અને તેમાં માટીને ભરી દીધી. પછી ખુદાતઆલાની બારગાહમાં અરઝ કરવા લાગા કે, "અય મારા રબ! આ દુનિયામાં તારા એવા પણ બંદા છે કે જે તુંને એમ કહે કે, આ માટીને સોનાની અશરફીઓ-દીનાર બનાવી દે, તો તું ઝરૂર એવું કરી શકે છે." નબી સાહેબ આ માજરો જોઈ રહ્યા હોય છે કે, આપની નઝરોંના સામે ઝઈફનું પૂરૂં દામન સોનાની અશરફીઓથી ભરાઈ જાય છે અને ચમકવા લાગે છે. નબી સાહેબ યકીન નથી લાવી શક્તા કે, એક અદના શખ્સને સાથે ખુદા આ મુજબ ફઝલો કરમ પણ કરી શકે છે.

(બકીયાહ પેજ નં. ૧૧ પર)

કરબલાએ મોઅલ્લામાં શોહદાએ હક્કની મૌજૂદગી કાલા આસ્માનમાં રાતે સિતારા જેવી હતી.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ખાસૂલ ખાસ મૌ. સલમાનુલ ફારસી (રિ.અ.) – કિસ્ત : ૨૫

મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) નો મોઅજિઝો

એક દિન ખલીફએ અબ્બાસી મુસ્તનસિર મૌ. સલમાન (રિ.અ.) ની કબરે મુબારકની ઝિયારત વાસ્તે મદાઈન ગયો જેના સાથે મૌ. અલી (અ.સ.) ના મોહિબ્બ એક કૂફી હતા કે, જેના દિલના હાલાતની ખબર ખલીફાને ન હતી. કબરને નઝદીક બેવે ગયા તો ખલીફો કહેવા લાગો કે, "આ શીઆઓ કેટલું જૂઠું બોલે છે કે, અલી ઈબ્ને અબી તાલિબ એક જ રાતમાં મદીના (યસરબ) થી ઘોડા પર સવાર થઈને યહાઁ ઈરાકમાં આવા અને આ સલમાનુલ ફારસીને ગુસ્લ દીધો, નમાઝ પઢી તે બાદ તે જ રાતે પાછા મદીના ચાલા ગયા." નઊઝોબિલ્લાહ. કૂફી શખ્સથી આ સાંભલીને રહેવાયું નહીં અને ફૌરન ચંદ અશઆર પઢીને ખલીફાની આ તોહમત અને બકવાસ સામે જવાબ આપો. તે અશઆરનો મફહૂમ આ મુજબ છે કે, "તમેં મૌ. અલી (અ.સ.) વાસ્તે આ બાબત જે જૂઠ બાંધો છો અને આપના એઅજાઝનો ઈન્કાર કરો છો તો હું તમને સવાલ કરૂં છું કે, **આસિફ ઈબ્ને બરખિયા જે મૌ. સુલેમાન નબીના વઝીર હતા, તે એક પલમાં યમનના સબા શહેર માંથી મલિકએ આઅઝમ બિલકીસનું તખ્ત ઉઠાવીને સુલેમાન નબી પાસે લાવા, તેને તમેં કઈ રાહથી કુબૂલ કરો છો?** આ વાકેઆનો તમેં ઈન્કાર નથી કરતા! તમેં માનો છો કે, મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.) તમામ અંબિયા કરતા બહેતર છે, તો શીઆઓના કહેવા મુજબ મૌ. અલી વલીએ મુસ્તફા છે, લેહાઝા આપ બધા જ આગલા વસીઓ કરતા બહેતર થયા. આપનો એઅજાઝ અને આપની કુદરત તમામ કરતા આઅલા થઈ. જો તમેં આ એઅજાઝનો ઈન્કાર કરો તો આગલા વાકેઆત જે આ તૌર પર ગુઝરેલા છે તેનો પણ તમને ઈન્કાર કરવો પડશે." ખલીફા પાસે આ હુજ્જતનો કોઈ જવાબ ન હતો અને તે સરનિગું થઈને પોતાના સાથીઓ સાથે ઝિયારત કરીને ચાલો ગયો.

કેયામતની નિશાનીઓ

રસૂલુલ્લાહ બાવાજી આપના રૂહાની ફરઝંદ, શાગિર્દે ખાસ મૌ. સલમાનુલ ફારસી (રિ.અ.) ને કેયામતની નિશાનીઓ બાબત ફરમાવે છે કે, ચાઁદ મુન્તશર થઈ જાશે, ફાટી જાશે અને તમામ સિતારાઓનો હશર પણ આમ જ થાશે, ગુબાર-આગ-ધૂંવો એટલી હદ તક ફિઝામાં ઉડશે કે તે તૂફાનની શિકલ ઈખ્તિયાર કરશે અને તેની દહેશતનાક ચપેટમાં તમામ મખ્લૂકાત ઘેરાઈ જાશે, ઝમીન પર જેટલા લોગો હશે તેઓને આ તૂફાન મશ્રિક અને મગરિબથી મહેશરની તરફ ધકેલશે, લોગોના જિસ્મના આઅઝા કામ કરતા બંધ થઈ જાશે - લોગો અપાહિજ થઈ જાશે અને પથારી પર કૈદ થઈને બેઅમલ પડી રહેશે, મારી ઉમ્મતના ઝઈફ લોગો કે જે ઈમાનો અમલથી તો મઝબૂત હશે પણ દૌલતો વસાઈલ અને માલો અસ્બાબથી પસ્ત હશે તેઓને પહેલા નિશાનો બનાવવામાં આવશે, તેઓને બાતિલ અને ફસાદખોર લોગો બગૈર કોઈ વજહ દબાવશે, ઝુલ્મ કરશે, ઘરબાર લૂંટી લેશે, દર-બ-દર ભટકાવશે અને આખિરકાર તેઓનું કત્લે આમ કરી દેશે. મૌ. સલમાનને આ નિશાનીઓ જે વક્ત સાંભલી તો ખૂબ દર્દમંદાના આવાઝથી સવાલ કરવા લાગા કે, અય નબીયલ્લાહ! શું આ તમામ થાશે? આપ નબી સાહેબે ફરમાવું કે, "ઝરૂર! આ બધું થાશે અને મુમેનીનને સબર કરવો પડશે, તેના સિવાય બીજો કોઈ ચારો નથી." ☆

(પેજ નં. ૮ નું બાકી)

મુશ્કિલ અલ્ફાઝ :

સબર - ઝબ્ત, તહમ્મુલ
મુલ્ક - રૂહાની મિલ્કીયત
ખુશ્નૂદી - રઝામંદી
સાલેહીન - નૈક-ભલા લોગો
હિદાયત - સાચી રાહ બતાવવી
ઝુમ્રા - ગ્રુપ, ગિરોહ
સૈરાબ - પ્યાસ બુઝાવવી
તબીઅત - મિઝાજ
તાવીલ - ભેદ અને રાઝ, અંદરની માઅના તાઅલીમ - ઈલ્મ બખ્શવું. ☆

જે શખ્સ આફીયતમાં છે તે દોઆનો ઝિયાદહ મોહતાજ છે તેના કરતા કે જે બીમારીમાં ગિરફ્તાર છે. કેમકે, કોઈ જ શખ્સને બીમારીથી અમાન નથી.

(પેજ નં. ૯ નું બાકી)

થોડા વક્ત પછી તે ઝઈફ પુકારા કે, અય મારા રબ! હું શુકના કલેમાત સાથે તુંને એમ અરઝ કરૂં છું કે, તારા એવા પણ બંદા છે કે, જે એમ ચાહે છે કે, તે પોતે મહેનત-મશક્કત ઉઠાવે અને પોતાની કિસ્મતમાં જે રોઝી તુંએ લખેલી છે તે હલાલન-તૈયેબન હાસિલ કરે અને તેનાથી જ પોતાનું ગુઝરાન ચલાવે. આ બંદો તુંને કહે કે, "તું સોનાની અશરફીઓને ખાલિસ માટી બનાવી દે તો તું તે પણ કરી શકે છે." આ કલામ પૂરા ન થયા કે, આંખની એક મિચકારમાં સોનું માટી બની ગયું. સુલૈમાન નબી તઅજ્જુબ અને હૈરાનીના દરિયામાં ગરક થઈને કહેવા લાગા કે, અય હવા! ચલ, મને યહાઁથી ઉઠાવીને લઈ ચલ. આવા મુખ્લિસ બંદાના યકીન અને ઝોહદને નઝદીક મારી મદદ શું કામ લાગશે? **ખુદાતઆલાની બારગાહમાં જે બંદાની દોઆ આટલી હદ તક મુસ્તજાબ હોય, સોનું કે માટી એક જ જેવી ચીઝ હોય, મહેનત કરવી તેની ઝિંદગીનો ઊસૂલ હોય અને વફાદારી તેના કામનું દિલ હોય, તો પછી ખુદા સિવાય કોઈની પણ રહેમદિલીની તે બંદાને ઝરૂરત નથી.**

ઝિંદાદિલ, ઝિંદાદિલી કે રાસ્તે પર ચલ પડે,
હાથ મેં પરચમ પકડા કા થામ કર બસ ચલ પડે,
હે તવક્કુલ અપને રબ પર ઔર યકીં ભી સાથ-સાથ,
તોહફ્ફએ મહેનત વો લેને રાહે જન્નત ચલ પડે. ✯

(પેજ નં. ૧૨ નું બાકી)

સાહેબને ખિલાફ એનો દુશ્મન બનીને ઈબ્લીસની જગા પર હાઝિર હોય છે. દાઈયુલ્લાહ આ ઈબ્લીસને ખુલ્લો પાડીને, તેની પહેચાન કરાવીને લોગો વાસ્તે ઈમાનના રસ્તાને હમ્વાર કરે છે, કુફ્રો ઝલાલતની રાહ તરફ ભટકતા લોગોને રોકે છે. **ઈબ્લીસની ઈબ્લીસીયતના સબબ હક્કના મુમેનીનની હક્કાનીયત સાબિત રહે છે.** ઈબ્લીસીયત કેવી કે ઈબ્લીસ પોતાની ફરેબી ભરી વાતોંથી, મક્કારી-ચાલબાઝીથી, બનાવટની જાલ બિછાવીને લોગોને છેતરતો રહે છે અને દાઅવતની હક્કની આવાઝને કુચલી નાંખવાની નાકામિયાબ કોશિશ કરતો રહે છે. લાઅનતી લોગોને સલવાતના હક્કદાર બનાવવાની ધોકેબાઝીના સબબ પોતે મલઊન બની જાય છે. પણ ખુદાતઆલાની હક્કના ધણીને નુસ્રત અને તાઈદ હર પલ હોય છે, તેથી તેની નાપાક નજિસ તદબીરો કામે લાગતી નથી અને તેના બેવે હાથ ઝમીન-દોઝ થઈ જાય છે.

દાઅવતે શરીફહની તાવીલ અને હકીકતની કિતાબોંમાં મન્કૂલ છે કે, દૌરૂલ કશફ ૫૦,૦૦૦ સાલનો, તે બાદ દૌરૂલ ફત્રત ૩૦૦૦ સાલનો અને આખિરમાં દૌરૂસ્સતર ૭૦૦૦ સાલનો હોય છે. આ ત્રણે અદવાર (દૌરો) ને મિલાવીએ તો એક દૌરે નૂન થાય છે, જેની મુદ્દત ૬૦,૦૦૦ સાલની છે. એક દૌરે નૂનમાં કુલ ૮ કેયામતે સુગરા વાકેઅ થાય છે અને આમાંથી આખિરી કેયામત દૌરૂસ્સતરના આખિરમાં હોય છે. પહેલા દૌરૂલ કશફમાં તે બાદ દૌરૂલ ફત્રતમાં યાઅની કે કુલ ૫૩,૦૦૦ સાલમાં ઈમામે મુસ્તકર (બાવાજી પછી દીકરા તરફ ઈમામત જાવી) નો સિલસિલો જારી રહે છે અને તે બાદ દૌરૂસ્સતરમાં જે ૭૦૦૦ સાલનો છે, તેમાં ઈમામે મુસ્તકરના સિલસિલાને સાથે સાથે મુસ્તૌદઅ નબીઓનો (જેની નસલમાં ઈમામત ન હોય અને દાઅવતની અમાનતને ઝમાનાના ઈમામને સોંપે) સિલસિલો, કે જેઓ શરીઅતના સાહેબો હોય છે તેઓમાં જારીયહ-સારીયહ રહે છે. ખુદાતઆલાએ ઈમામતના સિલસિલાને બાવાજીથી ફરઝંદની તરફ ચલાવેલો છે, જે કોઈ પણ રૂકાવટ બગૈર કેયામતના ઈમામ યાઅની કાઈમુલ કેયામહ (અ.સ.) તક ચાલુ રહેશે. ✯

તમામ ખલ્ક (મખ્લૂક) અલ્લાહના બચ્ચાંઓ છે (અયાલ છે). તે અયાલમાંથી અલ્લાહને ઝિયાદહ મહેબૂબ તે બંદો છે કે, જે તેની મખ્લૂકને ઝિયાદહતર ફાયદો પહોંચાવે છે.

All creation of Allaah is His family. The most beloved of these to Allaah is the one who benefits His family the most.

હર હાલતમાં બંદા પર વાજિબ છે કે તે દોઆ કરે. આ ઘરમાં કોઈને જ સલામતી નથી, દોઆથી જ તે સલામતીનું ઘર પરામી શકે છે.

ઈમામ, મખ્લૂકાતે રબ્બાનીના સેન્ટર છે. કિસ્ત - ૮

હર ચીઝનું અસલ-બુનિયાદ અને મસલ (ઓઠું) હોય છે. અંબિયા-નોતકામાં તમામથી પહેલા મૌ. આદમ સફીયુલ્લાહ (અ.સ.) ની શરીઅતનું અસલ તૌબા અને ઈલ્મ હતું, મૌ. નૂહ નજીયુલ્લાહ (અ.સ.) વાસ્તે સફીનું (કિશ્તી) હતું, મૌ. ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અ.સ.) વાસ્તે કાઅબતુલ્લાહ હતું, મૌ. મૂસા કલીમુલ્લાહ (અ.સ.) વાસ્તે અસા અને યદે બૈઝા (હાથની રોશની) હતું, મૌ. ઈસા રૂહુલ્લાહ (અ.સ.) વાસ્તે સલીબ (ક્રોસ) હતું અને આખિરૂન્નબીયીન મૌ. મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.) વાસ્તે કલેમતુશ્શહાદત-લાએલાહા ઈલ્લલ્લાહ અને કુરઆને હકીમ હતું. દૌરૂસ્સતરની ઈબ્તેદા મૌ. આદમ (અ.સ.) થી છે. ખુદાતઆલાએ મૌ. આદમને દીનો દુનિયાના તમામ ઈલ્મો ફનમાં કામિલ કીધા, હાવી કીધા અને આપ ખુદાના અમરથી નબી તરીકે ઝાહિર થયા.

તે પહેલા દૌરૂલ કશફમાં આ દાઅવતે ઈલાહીયહ કાઈમ હતી, જે દૌર નૂરાની દૌર હતો અને ખૈર-નૈકીની જ બોલબાલા હતી. તમામ શયાતીન કૈદ હતા. ખુદાતઆલાએ મૌ. આદમને **"અદીમુલ અર્ઝ"** યાઅની પસંદીદહ માટીમાંથી પૈદા કીધા. ખુદાએ આપને પસંદ કીધા, નબી બનાવા, લોગો પર બલંદી બખ્શી, ખલીફા બનાવા અને આપના હાથમાં શરીઅતની બાગદોડ સિપુર્દ કીધી. આપનો દરજો તમામ ઈન્સાનોંમાં આઅલા થયો કે, આપ લોગોને ખુદાની ઈબાદત અને અક્લ તરફ દાઅવત કરે. હરએક ઝમાનમાં ખુદાના ખલીફા તરીકે કોઈ એક સાહેબે ઈઝ્ઝો વકાર મૌ. આદમની જગામાં અને મકામમાં મૌજૂદ હોય જ છે, જે સાહેબને **"આદમુઝ્ઝમાને વ દૌર"** કહેવાય છે. અલગ-અલગ ઝમાનાઓમાં જે હક્કના સાહેબ હોય તે ભલે ઊંચા કે નીચા દરજા પર હોય પણ તેનું મૌજૂદ હોવું વાજિબ છે. નબી એમના ઝમાનમાં, નબી બાદ વસી એના ઝમાનમાં, વસી બાદ એની ઔલાદ માંથી ઈમામ એના ઝમાનમાં જે વક્ત ઝાહિર હોય અને ઈમામ જે વક્ત સતરમાં જાય તો એની ગૈરઝાહિરીમાં એના મુકર્રરશુદા દાઈએ હક્ક એક બાદ બીજા પોત પોતાના ઝમાનમાં મૌ. આદમ (અ.સ.) ના મકામમાં નસ-બ-નસ કાઈમ થાયા કરે છે, જહાઁ તક ઈમામ ઝાહિર ન થાય.

આ દાઅવત ઈબ્દાઈ છે, પહેલેથી, ઝમાનો મકાન નહોતા તે પહેલાથી, નૂરાની આલમથી, અસલથી છે. તેથી આ ઝમાનો મકાન બના બાદ ઈન્સાનોંને દરમિયાન ખુદાના નૂરના ખમીરા, ઝખીરા અને ખલીફા, ખુદા તરફથી આવેલા નૂરના સાહેબ ઈન્સાની શિક્લમાં જ આ ઝમીનમાં હોય છે, તો જ ઝમીન અને ખુદાની દાઅવતને કરાર હાસિલ થાય છે. હરએક દૌરમાં નૂરના સાહેબની સૂરતમાં હાદી-હિદાયત આપનારનું હોવું સુન્નતુલ્લાહ છે, તેમાં કોઈના તરફથી તબ્દીલી કે રોકથામ થઈ શકે એમ નથી. **ઝમીનના દામનમાં રહીને, શરીઅતના સાયામાં રહીને અને હક્કનો લિબાસ પહેરીને ઈમામે હક્ક હર વક્ત ઈલાહી નૂરને લોગોના દિલોમાં ફેલાવતા હોય છે.** તેઓના ફૈઝ, ફઝલ અને નફસાની ફાયદાની નહેરોં જારી-સારી હોય છે. જેમ આફતાબ હર દિન ઝમીનને પોતાની રોશનીથી ઝિંદગી બખ્શે છે તેમ ખુદાના ખલીફા અને દાઈ હર વક્ત લોગોને હિદાયતનું નૂર બખ્શતા રહે છે. કાએનાતની હર ઝિંદા-મુર્દા ચીઝોંને પોતાની દાઅવતની બરકાતથી નવાઝે છે. જેમ સૂરજની ગૈરહાઝિરીમાં ચાઁદ અને ચાઁદની ગૈરહાઝિરીમાં સિતારા નૂર ફેલાવવાનું કામ અંજામ આપે છે, આ જ મુજબ નબીની ગૈરમૌજૂદગીમાં વસી અને વસીની ગૈરમૌજૂદગીમાં ઈમામ હર હાલતમાં નૂરે ઈલાહી ફેલાવતા રહે છે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, **"આ જહાનમાં જો હું ન રહું તો તમેં ચાઁદને તાબેઅ થાજો યાઅની આપના વારિસ મૌ. અલી સાહેબે ઝુલફિકાર (અ.સ.), તે બાદ ઝોહરા સિતારાથી નૂરને હાસિલ કરજો યાઅની માઁ ફાતેમા ઝહરા (અ.સ.). આ બેવે ન રહે તો ફરકદૈનથી ફાયદો હાસિલ કરજો યાઅની ઈમામૈન હુસનૈન (અ.સ.), જે ફલકે ઈમામતના બે રૌશન સિતારા છે તેઓથી હિદાયત હાસિલ કરજો."**

ઝમાનો સતરનો હોય કે ઝુહૂરનો હોય, હક્કના સાહેબ યાઅની હાદીની હિદાયતનો આવાઝ ગુંજતો જ રહે છે અને લોગોને ગુમ્રાહીના શૌર-શારથી બચાવે છે. **"ઈબ્લીસુઝ્ઝમાન"** યાઅની કે, ઝમાનાનો ઈબ્લીસ હર વક્ત હર હક્કના

(બકીયાહ પેજ નં. ૧૧ પર)

તમારા માલ માંથી તે માલ ઝાયેઅ નહીં થાય કે જેના સબબ તમને શીખામણ હાસિલ થઈ હશે.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ૧૨ સુન્નતો
ભલાઈના કામોનો હુકમ કરવો, બુરાઈથી બચવું અને હર વક્ત સાચું બોલવું : કિસ્ત - ૧૦

જે વક્ત મલઊન અબ્દુર્રહેમાન ઈબ્ને મુલજિમે મસ્જિદે કૂફાની મહેરાબમાં સાહેબે વલાયતો ઈમાન મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ને ઝહેરીલી ઝરબત મારી અને આપ મૌલાને ઝખ્મી કીધા તે વક્ત શીઆઓ આપને આપના બૈતે શરફ પર લાવા. થોડા વક્તમાં આપને હોશ આવો અને આપ હુશિયાર થયા તે વક્ત આપે આપના બેવે શાહઝાદા મૌલાના હસન (અ.સ.) અને મૌલાના હુસૈન (અ.સ.) ને બોલાવા અને ફરમાવું કે, હું તમને બન્નેને વસીયત કરૂં છું કે, તમેં ખુદાની તકવા રાખજો. બધાની આંખોં બંધ થઈ જાશે મગર ખુદાની આંખોં હમેશા તમારા પાછલ હશે અને તમારા પર નિગેહબાન હશે. **તમેં આખેરતનો શૌક રાખજો પણ દુનિયામાં થોડો હોંશ રાખજો.** શૌકના સબબ હર વક્ત તમારા તસવ્વુરમાં આખેરતની યાદ તાઝા રહેશે અને હોંશના સબબ તમેં દુનિયાથી જોઈતો ફાયદો હાસિલ કરશો. દુનિયાની કોઈ ચીઝ તમારા હાથમાંથી ચાલી જાય તો ઝર્રા પણ પસ્તાવો ન કરજો. જે ચીઝ તમને મિલી છે, તે કોઈ બીજાના હાથમાં હતી અને આજે જે ચીઝ તમારા હાથમાં છે તે કાલે કોઈ બીજાના હાથમાં ચાલી જાશે. દુનિયાની તમામ ચીઝ દુનિયામાં જ રહી જાશે, **તે વાસ્તે ફાની દુનિયાને હાસિલ કરવા તમેં તમારી આખેરતને ન બિગાડજો.** આખેરતને સજાવવા વાસ્તે ભલાઈ કરવી તે ખૂબ બહેતરીન તરીકો છે. તમેં, અય મારા ફરઝંદ! ઝાલિમ શખ્સથી ખિલાફ થાનાર અને મઝલૂમને સાથ આપનાર થાજો. ઝાલિમ પોતાના ઝુલ્મથી ખુદને કેદે અઝાબ કરે છે અને મઝલૂમ દોઆ સાથે ખુદની ઝાત પર ઝુલ્મ સામે સબર કરે છે. તો તમેં સબરના જૌહરથી ખુદને મુનવ્વર કરજો.

તે બાદ આપ મૌલાએ આપના તીસરા ફરઝંદ મોહંમદ બિન અલ-હનફીયહને બોલાવા અને ફરમાવું કે, "મેં આ તમારા બેવે ભાઈઓને જે વસીયત કીધી છે, તે તમેં બરાબર સાંભલી કે નહીં ? મોહંમદે અરઝ કીધી કે, હાઁ! સાહેબ મેં ઝરૂરથી સાંભલી. આપ મૌલાએ ફરમાવું કે, તે જ મુજબ અમલ કરવાની હું તમને પણ વસીયત કરૂં છું અને તમેં તમારા બન્ને ભાઈઓ સાથે ભલો વ્યવહાર કરજો, એહતેરામ કરજો, બાસુલૂક અને અદબથી પૈશ આવજો, તમારા ફઝલ અને દરજાને ઓલખજો અને તમારા ભાઈઓ તમારા કરતા દરજામાં આઅલા છે, તો તેમની ઈઝઝત કરજો, તેમને માન આપજો અને તેમના હુકમ સિવાય કોઈ કામ ન કરજો."

તે પછી આપ મૌલાએ બન્ને ઈમામોની તરફ મૂઁહ ફિરાવીને ફરમાવું કે, "હું તમને હિદાયત કરૂં છું કે, તમારા ભાઈ મોહંમદ સાથે ભલાઈ કરજો, કેમકે તે તમારા ભાઈ છે અને તમારા બાવાજીના ફરઝંદ છે. તમેં બેવે જાણો છો કે, હું તેને મહબ્બત કરતો હતો, તે વાસ્તે તમેં પણ તેને મહબ્બત કરજો." તે બાદ આપ મૌલાએ તમામને મુખાતિબ થઈને ફરમાવું કે, "આ મારા કલામને તમેં તમારા દામનમાં ભરી દો અને હરગિઝ ન ભુલજો. તે એ છે કે, **ઝાહિર-બાતિન બેવે હાલતમાં તમેં તમારા ખુદાથી ડરજો.** કેમકે, ખુદાથી ડરવું તેના અઝાબને બુઝાવી દે છે અને તેના કરમના દરવાઝાને ખોલી આપે છે. તમેં જે વક્ત ખુશ હોવ યા બલાના સબબ ગમગીન હોવ યા સખ્ત હાલાતમાં ગુસ્સામાં હોવ - આ તમામ હાલાતમાં તમેં હક્કની વાતને ન મુકજો. હક્ક હમેશા ઝિંદા છે અને તમેં તે હક્કને તમારા જિસ્મના હર આઅઝામાં ઝિંદા રાખજો, તો તમેં તમારી મૌત બાદ ઝિંદા રહી શકશો. નહીં તો, તમારી જિસ્માની મૌતને સાથે તમારી પૂરી હસ્તી પણ મરી જાશે." ☆

બેશક! અદેખાઈ નેકીઓને ખાઈ જાય છે, જે તરહ આગ લાકડાને ખાઈ જાય છે.

Certainly! Jealousy and envy consumes righteous deeds, the way the fire consumes wood.

અલ્લાહનો બંદો હુસ્ને અખ્લાકથી રોઝાદાર અને નમાઝીના દરજાને પહોંચે છે.

By the goodness of character and conduct, a faithful attains the status of the one who observes fast and offers namaaz.

તે માલ તમારા વાસ્તે ઝહેરીલા ડંખ જેમ બની જાશે કે જેના સબબ તમેં ફસાદમાં ફસાયા હશે.

તારીખે તૈયેબીના સફહાતમાંથી

મૌલાઈ શમઊન બિન જાઅફર (રિ.અ.)

મૌલાઈ શમઊન બિન જાઅફર બિન નોઅમાન (રિ.અ.), ૨૪ માં દાઈએ મુત્લક સૈયેદના યૂસુફ નજમુદ્દીન સાહેબ (આ.કુ.) ના હુદૂદ માંથી હતા. આપ શખ્સે ફાઝિલ હતા, અઝમતો એહતેરામને કાબિલ હતા અને દાઅવતે શરીફહના તમામ ઊલૂમ-ફુનૂનમાં કામિલ હતા. આપે દીને મોહંમદીના મિનારને બલંદ કીધા અને તેના અરકાનને મઝબૂતી બખ્શી. આપે સૈયેદનાની ખૂબ ખિદમત કીધી અને નિહાયત દરજાની ફરમાઁબરદારી કીધી. સૈયેદના સાહેબના આપ સાથીદાર હતા, જે વક્ત દાઅવતના ઈલ્મ પઢવા યમન હિજરત કીધી હતી, ઘણા વરસો તક આપ હક્કના ઈલ્મની હાજિત વાસ્તે યમન રહ્યા હતા. આપનો શુમાર યમનના પહેલી સફના આલિમોંમાં થાતો હતો. **આપે ઈલ્મ પઢવાના સાથે ઝોહદ અને તક્વાને પોતાનો લિબાસ બનાવી લીધો હતો.** કેમકે, ઈલ્મ પઢવા સિવાય બીજો કોઈ શૌક આપને હતો જ નહોતો. આપે ૨૭ માં દાઈએ મુત્લક સૈયેદના દાઉદજી બુરહાનુદ્દીન બિન સૈ. કુતુબશાહ (આ.કુ.) ને ઈબ્તેદાઈ તાઅલીમ આપી હતી. જે વક્ત આપ અહમદાબાદ પધારા તો આપના બેશુમાર શાગિર્દો હતા, જેઓ આગલ જાતા દાઅવતના મુખ્લિસ ખિદમતગુઝાર બના. આપ મૌલાઈ સાહેબની કબરે મુબારક સૈયેદના ફખરૂદ્દીન જલાલ સાહેબ (આ.કુ.) ના રૌઝહ મુબારકહમાં સૈયેદનાના કદમ મુબારકને બરાબર કરીબ છે. આપ મુમેનીન વાસ્તે સાહેબુલ ફઝીલત છે અને નેઅમુલ વસીલહ છે.

મૌલાઈ મલક બિન ફીરોઝ (રિ.અ.)

મૌલાઈ શમઊન (રિ.અ.) ની મિસલ સૈયેદના યૂસુફ નજમુદ્દીન સાહેબ (આ.કુ.) ના હુદૂદે કિરામમાં મૌલાઈ મલક બિન ફીરોઝ (રિ.અ.) હતા. ૨૬ માં દાઈએ મુત્લક સૈયેદના દાઉદજી બુરહાનુદ્દીન બિન સૈ. અજબશાહ (આ.કુ.) ના કાકાજી સાહેબ હતા. આપનું નામ "મલક" હતું, ને અલ્લાહતઆલાએ આપને હૂબહૂ ફરિશ્તાઈ સીરત-સૂરતના કીધેલા હતા. આપના હર અમલમાં દાઈની રઝાનું નૂર ઝલકતું હતું. ૨૩ માં દાઈએ મુત્લક સૈયેદના મોહંમદ ઈઝ્ઝુદ્દીન સાહેબ (આ.કુ.) ના ઝમાન મુબારકમાં આપે યમન હિજરત કીધી અને એક લંબા અરસા તક આપે સૈયેદના યૂસુફ સાહેબ, સૈયેદના જલાલ સાહેબ અને સૈયેદી હસન બિન નૂહ (આ.કુ.) ના નઝદીક બેસીને દાઅવતે શરીફહના ઝાહિરી-બાતિની ઈલ્મ-હિકમતના સબક લીધા. અંબિયા (અ.સ.) ના કિસ્સાઓ માંથી દુનિયા-આખેરતની હકીકતોંને જાણી અને અહલુલ બૈત (અ.સ.) ના દરજાની માઅરેફત કરી દિલ-ઝમીરને મુનવ્વર કીધું. સૈયેદના યૂસુફ સાહેબ (આ.કુ.) ની આપના ઉપર ઘણી નઝરે લતાફત હતી અને આપ હર કામમાં કામિલ અને બેનઝીર હતા.

અલ્લાહતઆલાએ આપની ઉંમરને દરાઝગી બખ્શી હતી કે આપ ૧૦૦ સાલ કરતા પણ ઝિયાદહ ઉંમરના હતા. યમનમાં દાઅવતે શરીફહના હરમના લોગોમાં આપની નૈક સીરત અને પાકીઝા અખ્લાકની બોલબાલા હતી. આપની શાન એ મુજબ આઅલા હતી કે, આપે સૈયેદના મોહંમદ સાહેબ, સૈયેદના યૂસુફ સાહેબ, સૈયેદના જલાલ સાહેબ અને આપના ભત્રીજા સૈયેદના દાઊદ સાહેબ (આ.કુ.) એમ ૪ દોઆતે કિરામની ખિદમત કીધી, **જેમાં બે દોઆત યમનમાં મદફૂન છે અને બે દોઆત અહમદાબાદ-હિન્દુસ્તાનમાં મદફૂન છે.** આપ તે તમામ અસ્બાબ અને હાલાતથી વાકિફ હતા, ખબરદાર હતા કે શું કામ દાઅવતનું મરકઝ યમનથી હિન્દુસ્તાન મુન્તકલ થયું. ગુજરાત સૂબાના ભરૂચ શહેર માંથી મૌલાઈ હસન બિન નૂહ સાહેબ યમનમાં અલ્લામએ ઝમાન હતા. એવા આલિમ-ફાઝિલ હતા કે, આપે મૌલાઈ મલક સાથે સેંકડો સાહેબોને ઈલ્મ પઢાવું અને તે તમામ પછી હિન્દુસ્તાન આવા અને દાઅવતની દિલો જાનથી ખિદમત બજા લાવા. મૌલાઈ હસનને નઝદીક મૌલાઈ મલક તમામ બીજા શાગિર્દોમાં સૌથી કરીબ, ચહીતા અને હુશિયાર હતા.

આપે સૈયેદના મોહંમદ સાહેબના ઝમાનમાં એક રિવાયત બયાન કીધી છે, જેમાં આપ ફરમાવે છે કે, ૧૦ હિ. માં

(બકીયાહ પેજ નં. ૧૫ પર)

માલ અને ઔલાદ, ઈન્સાન વાસ્તે દુનિયાની ઝીનત છે.

(પેજ નં. ૧૪ નું બાકી)

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ હિજ્જતુલ વદાઅ કીધી યાઅની આખિરી હજ્જ કીધી. બયતુલ્લાહના તવાફ દઈને હજરે અસ્વદને નઝદીક પધારા અને તેને ચુમતા-ચુમતા હિન્દુસ્તાનની તરફ પોતાના મુઁહને ફિરાવું, તવજ્જોહ કરીને દોઆ ફરમાવી. અસ્હાબ જે આપના સાથે તવાફ દઈ રહ્યા હતા તેઓએ અરઝ કીધી કે, અય રસૂલુલ્લાહ, આપ કોના વાસ્તે આ મુજબ દોઆ ફરમાવો છો? આપે જવાબ આપો કે, **ઈખ્વાની, ઈખ્વાની! મારા ભાઈઓ વાસ્તે, મારા ભાઈઓ વાસ્તે.** અસ્હાબ અરઝ કરે છે કે, શું હમેં આપના ભાઈઓ નથી? આપ નબી સાહેબ ફરમાવે છે કે, તમેં મારા અસ્હાબ છો અને તે સઘલા (હિન્દુસ્તાનીઓ) જે મને જોયા બગૈર મારા પર ઈમાન લઈ આવશે તેઓ મારા ભાઈઓ છે. જન્નતમાં તે સઘલાના આલી મકામ છે અને રૌઝે કેયામત હું તેઓની મુલાકાતનો મુન્તઝિર રહીશ.

આપ મૌલાઈની કબરે મુબારક સરસપૂર (બીબીપૂર) ના કબ્રસ્તાનમાં સૈયેદના દાઊદજી બિન સૈ. કુતુબશાહ (આ.કુ.) અને સૈયેદના દાઊદજી બિન સૈ. અજબશાહ (આ.કુ.) ના મઝાર મુબારકની દરમિયાન છતરીમાં છે. સૈયેદી ખોજ બિન મલક (રિ.અ.) પોતાના રિસાલામાં ફરમાવે છે કે, મૌ. મલકની કબરે અન્વર બીબીપૂરના મકબરામાં આપના ભત્રીજા સૈ. દાઊદજી બિન સૈ. અજબશાહના રૌઝહના નઝદીક બાહર છતરીમાં છે. આપ મૌલાઈનો ઈન્તેકાલ ૧૦૦ વરસની ઉંમર પર પહોંચા બાદ ૨૧ મોહર્રમુલ હરામ ૯૯૫ હિ. માં થયો. આપનું કફન-દફન સૈયેદના દાઊદ સાહેબના હાથ પર અને હાઝિરીમાં થયું. એક ઝમાનામાં આપની કબરને આસપાસ ઘણા મૌલાઈઓની કબર હતી જે આજે જોવા મિલતી નથી. આ તે લોગો હતા જે આપના રિશતેદારોં હતા અને દાઅવતની ખિદમત કરવામાં આપના હમ-ઝમાન હતા અને સાથીદારોં હતા. ✯

(પેજ નં. ૪ નું બાકી)

કુરઆને કરીમની આયતોથી શિફા હાસિલ કરવાનો તરીકો અફઝલ છે. બીજા તમામ તરીકા શયતાની જંજાલ છે. જે શખ્સ કુરઆને કરીમની આયતોને પોતાની બીમારી વાસ્તે દવા તરીકે ગરદાને છે, તો ખુદાતઆલા મહેશરમાં તેને કોઈ વક્ત ઝલીલ નહીં કરે, જમના હાથમાં એનું આઅમાલનામું આપશે અને તેના ઈસ્તિગફારની સિફારિશ વાસ્તે હઝારો ફરિશ્તા તેના સાથે હશે જેથી તેને દિલમાં કોઈ ડરનો અહેસાસ નહીં થાય. ઘણા મુમેનીન અને મુમેનાતની આદત હોય છે કે, જે વક્ત બીમારી વાસ્તે દુનિયાવી ઈલાજના તમામ દરવાઝા બંધ થઈ જાય છે યા કોઈનાથી કોઈ તરહનો ફાયદો થાતો નથી તો સાહેબે દાઅવતને નઝદીક આવીને કુરઆને હકીમથી શિફા મિલે તેવી દરખ્વાસ્ત કરે છે અને ખુદાના હુકમથી તેને શિફાની નેઅમત ઝરૂર હાસિલ થઈ જાય છે. યકીન અને ખુદાની રહેમત પર તવક્કુલ રાખીને જે કોઈ અરઝ કરે છે તો ખુદા બીમારીને દફઅ કરવા વાસ્તે અસ્બાબ ખોલી જ આપે છે. શિફા ખુદા તરફથી હોય છે અને બીમારી ઈન્સાનના આઅમાલની ખરાબીના સબબ હોય છે. ખુદાતઆલા મુમેનીનને જિસ્માની શિફા સાથે વલાયતે ઈમામુઝઝમાન (અ.સ.) ના સબબ નફ્સાની શિફા પણ બખ્શે. આમીન, યા ખૈરલ ગાફેરીન. ✯

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની હદીસો

૧) નેક કામ બતાવનાર તે નેક કામ કરનારના બરાબર છે. બંને ને સરખો સવાબ છે.

૨) મુમિનને દુરૂસ્ત નથી કે, પોતાના મુમિન ભાઈ સાથે ત્રણ દિવસથી વધારે લડાઈ-ઝગડો રાખે. ત્રણ દિવસની અંદર તે મુમિન પોતાના ભાઈ સાથે સલાહ કરે, તે ઘણું બહેતર છે.

૩) આપેલી ચીઝને પાછી લેવી, તે તેના જેવું છે કે, કોઈ શખ્સ પોતાની ઉલ્ટીમાં નીકલેલું પાછું ખાઈ જાય. જેવી રીતે કુતરો પોતાની ઉલ્ટીને પાછો ખાય જાય છે.

૪) દરેક મુમિન કાંસકીના દાતાં જેવો છે, જેમ કાંસકીના દાંતા ભેગા થઈને બાલ ઓઢે છે, તેમ મુમિનોં બધા ભેગા થઈને દરેક કામ અંજામ આપી શકે છે.

૫) તે મુમિન ફના થાનાર નથી, જેએ પોતાની અસલીયત ઓલખી લીધી છે. ✯

અમલ, તકવા અને વલાયત, આખેરત વાસ્તેની ઝીનત છે.

મૌ. અબૂ તાલિબ (અ.સ.) – વાલિદે શૈરે ખુદા

નૂરે હક્ક જિસમેં પલા વો ઘર અબૂ તાલિબ કા હે,
એક વસી ઔર એક પયગમ્બર અબૂ તાલિબ કા હે.
બદ્ર સે લેકર જેહાદે કરબલા તક દેખ લો,
ખૂન જિતના ભી બહા હક્ક પર અબૂ તાલિબ કા હે.
સામને જિસકે અલી ભી સર ઉઠા સકતે નહીં,
દો જહાઁ મેં ઉતના ઊંચા સર અબૂ તાલિબ કા હે.
જબ સે પૈદા હો કે ખુત તોડેં હૈં ઉસકે લાલ ને,
જો ખુદા કા ઘર થા અબ વો ઘર અબૂ તાલિબ કા હે.
આયતે તત્હીર વાલે ગોદ મેં જિસકે પલે,
ઉતના પાકીઝા ફકત પયકર અબૂ તાલિબ કા હે.
કુછ કી ખુનિયાદ ઢા દી જિસને બસ દો ઊંગલી સે,
કુલ્લે ઈમાઁ ફાતેહે ખૈબર અબૂ તાલિબ કા હે.
વો ભતીજા હો કે બેટા હો કે ઉસકી મિસ્લ હો,
અબ મોહંમદ જિસમેં હે વો ઘર અબૂ તાલિબ કા હે.
સારી દુનિયા જિસકો શહેરે ઈલ્મ કહેતી હે નઝીર,
વો અબૂ તાલિબ કા ઉસકા દર અબૂ તાલિબ કા હે. ✯

મૌ.અબ્બાસ (અ.સ.)

શામ કબ્રે મેં તેરે તેરા સવેરા અબ્બાસ,
તુંને ઝાલિમ કે લીયે કુછ ભી ન છોડા અબ્બાસ.
લાખ કરતા રહા દરિયા તેરા પીછા અબ્બાસ,
તુંને ફુકરા કે પલટ કર ભી ન દેખા અબ્બાસ.
ફાતેમા ને જો કહા થા તુઝે બેટા અબ્બાસ,
હે યહીં સબસે બડા તેરા કસીદા અબ્બાસ.
કોઈ મિલતા હે વફાદાર તો આતા હે ખયાલ,
ગિર ગયા હોગા કહીં તેરા પસીના અબ્બાસ.
હે તેરે નામ કે દુનિયા મેં હઝારો બચ્ચેં,
તું ભી ઝિંદા હે તેરા નામ ભી ઝિંદા અબ્બાસ. ✯

Shining Star



Bhaisaheb Faatemah Idreesbhai has secured 2nd position in Elocution Competition held at Vadodara Railway Station on 03/10/2014, conducted by WESTERN RAILWAY STATE BHARAT SCUOTS & GUIDES under the aegis of Swachch Bharat Abhiyan initiated by the PM Mr. Narendra Modi. She is a Student of 9th Std., Zenith School, Vadodara. May Allaah Ta'aala grace our students with Wisdom and Intelligence.



Haddsaheb Ahmadalibhai "Alavi" who is closely associated with Mishkaat ul-Haadi Akhbaar since many years has secured 2nd rank among 70 candidates in Essay Competition held by "Seva-Tirth" association. Seva-Tirth operates from Tarsali, Vadodara, and helps people fight against the Leprosy and conducts programs for awareness and rehabilitation. ✯

અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.

નોંધ : મિશ્કાતુલ-હાદીના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમભાઇ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઇ (મુંબઈમાં) થી કારેઈન હાસિલ કરી શકે છે. આ ભાઈઓના ફોન નંબર નીચે આપેલા છે.

સાલાના લવાજેમાત (Yearly Subscription)
₹ ૧૦૦/- (પોસ્ટેજ સાથે)
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.
મુંબઈમાં લવાજમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તારવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૯૯૩૦૩૨૧૪૪૦. ★